રૂપિયો ઘટતાં મોંઘવારી વધવાના સંકેત

મુંબઈતા. ૩

અમેરિકી ડોલર સામે રૂપિયમા ઘટાડાનો દોર જારી રહેતા ચિંતાનુ મોજુ રહ્યુ છે. રૂપિયો ઘટતા મોંઘવારી વધવાના સંકેત દેખાઈ રહ્યા છે. રૂપિયો છેલ્લા એક વર્ષના ગાળામાં ૧૪ ટકા સુધી ઘટ્યો છે. નબળા ભારતીય માઈકો આર્થિક પરિબળો અને વિકાસની ગતિ ધીમ પડતા તેની અસર દેખાઈ રહી છે. આજે રૂપિયામાં શરૂઆતથી જ ઉથલપાથલ રહી હતી. મોંઘવારીની વાત સાંભળી લોકો પરેશાન થઈ ગયા છે. જો કે મોંઘવારી સતત વધી રહી છે. રૂપિયો નબળો પડવાનો સીધો મતલબ એ છે કે મોંઘવારી વધશે. જેટલી ચીજો આંતરરાષ્ટ્રીય બજારમાં છે એ તમામ ચીજોના ભાવ વધવાના છે. પેટ્રોલ, ડીઝલ, ગેસની કિંમતો વધવાના સંકેત પહેલાથી જ દેખાઈ રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે આંતરરાષ્ટ્રીય બજારમાં લેવડ-દેવડ ડોલરમાં થાય છે જેના પરિણામ સ્વરૂપે રૂપિયાની કિંમત ઘટી જતા વેપારીઓને વધારે રકમ ચુકવવી પડશે આમા સૌથી મહત્વપૂરણ ચીજ પેટ્રોલિયમ પેદાશે માટે વધુ કિંમત ચુકવવી પડશે. ક્રુડ ઓઈલ સૌથી વધુ નાણા ચુકવીને ફરજ પડશે જો ફરી એકવાર પેટ્રોલિયમ પેદાશોની કિંમત વધશે તો તેની સીધી અસર બજાર ઉપર થશે. નૂરના દરમાં પણ વધારો થશે. દરમિયના નાણામંત્રી પ્રણબ મુખર્જીએ રૂપિયમા ઘટેલી કિંમત અગે વાત કરતા વૈશ્વિક કોમોડીટીની કિંમતમાં થઈ રહેલી ઉથલ પાથલને જવાબદાર ઠેરવી હતી. તેમણે ઉમેર્યુ હતુ કે કેટલાક એશિયન દેશોમાં વણસતી જતી બેલેન્સઓફ પેમેન્ટ (બીઓપી)ની સ્થિતિના લીધે રૂપિયા ઉપર દબાણ આવ્યુ છે. ચીન સિવાયના એશિયન દેશોમાં કફોડી હાલત રહેલી છે.

એર ઈન્ડિયા પર ૮૦,૦૦૦ ડોલરનો જંગી દંડ

વોશિંગ્ટન,તા. ૪

અમેરિકન પરિવહન વિભાગે એર ઈન્ડિયા પર ૮૦૦૦૦ ડોલરનો જંગી દંડ ફટકાર્યો છે. તેની વેબસાઈટ પર કસ્ટમર સેવા, વિમાનીમથક પર વિલંબને લઈને કોઈ ઈમરજન્સી યોજના અને અન્ય વૈકલ્પિક ટેક્સના મામલે પુરતી સુચના નહી આપવાના કારણે એર ઈન્ડિયા પર જંગી દંડ ફટકારવામાં આવ્યો છે. પ્રથમ વખત વિભાગના નવા નિયમોના ભંગ મામલે દંડ ફટકારવામાં આવ્યો છે. નવા નિયમો ગયા વર્ષે ઓગષ્ટમાં અમલી બન્યા હતા. અમેરિકી પરિવહન પ્રધાન રે લાહુડે આજે કહ્યું હતું કે અમારા નવા નિયમોમાં ગ્રાહકોને વિમાન સેવા અને અન્ય ટેક્સ મામલે માહિતી મળે તેની ખાતરી કરવા કહેવામાં આવ્યું છે. જો વિમાની મથકથી ઉડાણમાં વિલંબ થાય છે તો તેવી સ્થિતીમાં આને માટે વિમાની મથખે વિલંબની સ્થિતીમાં માહિતી આપવા કહેવામાં આવ્યું છે. વિમાનીમથકે વિલંબની સ્થિતીમાં ઓછામાં ઓછા એક વિમાનમાં ૩૦ અથવા તો તેનાથી વધારે સીટ ઈમરજન્સીમાં રાખવી જરૂરી છે. સાથે સાથે વિમાન કંપનીને ગ્રાહક સેવા યોજના અપનાવવી પડે છે. સાથે સાથે આ તમામ યોજના અંગે માહિતી પોતાની વેબસાઈટ પર આપવી જરૂરી છે. પરિવહન વિભાગે કહ્યું છે કે અમેરિકી વિમાન કંપનીઓ પર આ નિયમો એપ્રિલ ૨૦૧૦થી અમલી છે. જાણકાર લોકોનું કહેવુ છે કે એર ઈન્ડિયા તેની કસ્ટમર પોસ્ટ કરવામાં નિષ્ફળ રહેતા દંડ કરવામાં આવ્યો છે.

અખિલેશ યાદવનું આખરે લોકસભામાંથી રાજીનામુ

નવી દિલ્હી, તા.૪

લોકસભા સ્પીકર મીરા કુમારે આજે સંસદમાં કન્નૌજમાંથી સમાજવાદી પાર્ટીના સાંસદ અખિલેશ યાદવે હોદ્દા પરથી રાજીનામુ આપ્યુ હોવાની માહિતી આપી હતી. સાથે સાથે એમ પણ કહ્યુ હતુ કે અખિલેશ યાદવનુ લોકસભામાંથી રાજીનામુ તાત્કાલિક ધોરણે સ્વીકારી લેવામાં આવ્યુ છે. મીરા કુમારે કહ્યુ હતુ કે અખિલેશ યાદવે તાત્કાલિક રીતે અમલી બને તે રીતે બીજી મેથી લોકસભાના સભ્યપદેથી રાજીનામુ આપ્યુ છે. કન્નૌજમાંથી સાંસદ રહેલા અખિલેશ યાદવ હાલ ઉત્તર પ્રદેશમાં મુખ્યમંત્રી છે. અખિલેશ યાદવ સ્પીકરને રાજીનામુ સોંપવા માટે બીજી મેના દિવસે દિલ્હી આવ્યા હતા. અખિલેશ કન્નૌજ અને ફિરોજાબાદામાથી વર્ષ ૨૦૦૯માં લોકસભા માટે ચૂંટણી જીતી ગયા હતા ત્યાર બાદ તેઓએ ફિરોજાબાદ સીટ પરથી રાજીનામુ આપી દઈને ત્યાની પેટા ચૂંટણીમાં તેમની પત્ની ડિમ્પલને મેદાનમાં ઉતારી હતી. કોંગ્રેના ઉમેદવાર તથા ફિલ્મ અભિનેતા રાજ બબ્બરે ડિમ્પલને હાર આપી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ કન્નૌજ સીટ ઉપર પેટા ચૂટણી થશે. ડિમ્પલ ફરી ચૂટણી મેદાનમાં ઉતરે તેવી શક્યતા છે. સપા પ્રમુખ મુલાયમ સિંહ યાદવ સૌથી પહેલા તેમના નાના ભાઈ સિવપાલ સિંહ યાદવને મેદાનમાં ઉતારવા ઈચ્છતા હતા. પરંતુ હવે તેમને મંત્રી મંડળમાં જગ્યા મળી જતા યોજના મોકૂફ રખાઈ છે.

રાષ્ટ્રીય ધ્વજના અપમાનના મામલામાં ટીમ અણ્ણાને રાહત

નવી દિલ્હી, તા.૪

સુપ્રીમ કોર્ટે અણ્ણા હજારે અને તેમની ટીમના સભ્યો સામે પગલા લેવાની માંગ કરતી જાહેર રીતની અરજીને આજે ફગાવી દીધી હતી. ગયા વર્ષે લોકપાલ બિલ માટે તેમના આંદોલન દરમિયાન રાષ્ટ્રીય ધ્વજના અપમાનના મામલામાં તેમની સામે પગલા લેવાની માંગણી કરીને અરજી દાખલ કરવામાં આવી હતી. રાષ્ટ્રીય ધ્વજના અપમાનના મામલામાં ટીમ અણ્ણાને આજે રાહત થઈ હતી કારણ કે તેમની સામેની અરજી ફગાવી દેવામાં આવી હતી. જસ્ટિસ બીએસ ચૌહાણ અને જેએસ ખેહરની બનેલી બેંચે અરજીદાર ચેન્નાઈ સ્થિત નિવાસી એલકે વેંકટની જોરદાર ઝાંટકણી કાઢી હતી. જાહેરહીતની અરજી દાખલ કરવા બદલ તેની ટીકા પણ કરવામાં આવી હતી. અરજીદારે આક્ષેપ કર્યો હતો કે ગયા વર્ષે રિસેમ્બરમાં આંદોલન દરમિયાન અણ્ણા હજારેના સાથીઓએ રાષ્ટ્રીય ધ્વજનુ અપમાન કર્યુ હતુ સરકાર તેમની સામે દાખલ કરવામાં આવેલી ફરિયાદ છતા પગલા લેવમાં નિષ્ફળ ગઈ હતી. આંદોલન દરમિયાન અણ્ણા હજારે અને તેમના સાથીઓએ રાષ્ટ્રીય ધ્વજ અડધા લેહરાવીયા હતા. સાથે સાથે રાષ્ટ્રીય ધ્વજનુ અપમાન થાય તેવા કૃત્ય કર્યા હતા જો કે બેંચ તેમની દલીલથી સંતુષ્ટ થઈ ન હતી અને અરજીદારની અરજી ફગાવી દીધી. જાહેરહિતની અરજીની પ્રક્રિયાનુ દુરુપયોગ કરવા બદલ અરજીદાર ઉપર દંડ લાગુ કરવાની ધમકી પણ આપી હતી. જો કે અરજીદારની અરજી ફગાવી દઈને દંડ લાદયો ન હતો.

મેનનને સુકમાના કલેકટર તરીકેના ચાર્જમાંથી મુકિત

સુકમા,તા. ૪

માઓવાદીઓના સકંજામાંથી છુટ્યા બાદ આઈએએસ ઓફિસર એલેક્સ પોલ મેનન ઘરે પહોંચ્યાના કલાકો બાદ જ છત્તિસગઢ સરકારે એક આશ્ચર્યજનક પગલુ લઈને સુકમાના કલેકટર તરીકે એલેક્સ પોલ મેનનને દૂર કરી દિધા હતા. હિંસાગ્રસ્ત આદિવાસી જિલ્લા સુકમાના કલેકટર તરીકેના ચાર્જમાંથી તેમને મુક્ત કરી દેવામાં આવ્યા હતા. હવે પડોશી દાંતેવાડા જિલ્લાના જિલ્લા કલેકટર ઓપી ચૌધરીને સુકમાની વધારાની જવાબદારી સોંપવામાં આવી છે. નવા આદેશ જારી કરવામાં ન આવે ત્યાં સુધી ઓપી ચૌધરી વધારાનો હવાલો સંભાળશે. વર્ષ ૨૦૦૬ની બેંચના આઈએએસ ઓફિસર અને સુકમા જિલ્લાના પ્રથમ કલેકટર એલેક્સ પોલ મેનન માઓવાદીઓના સકંજામાંથી છૂટી આજે પોતાના આવાસ ઉપર પહોંચ્યા હતા. વર્ષ ૨૦૧૦માં ૭૬ સુરક્ષા જવાનોની હત્યા કરવામાં આવ્યા બાદત ભારે સનસનાટી મચી ગઈ હતી. સુકામાની દાંતેવાડામાંથી અલગ કરીને આ વર્ષે જાન્યુઆરીમાં નવા જિલ્લા તરીકે રચના કરવામાં આવી હતી. સુકમાને માઓવાદીઓના હોટસ્પોટ તરીકે ગણવામાં આવે છે. અહીં વારંવાર હિંસા થતી રહે છે. છત્તિસગઢ, ઓરિસ્સા, આંધ્રપ્રદેશમાં ત્રેવડા જંકશન તરીકે આને ગણવામાં આવે છે. વર્ષ ૨૦૧૦માં તાદમેલટા વન્ય વિસ્તારમાં સીઆરપીએફના ૭૫ સુરક્ષા જવાનો સહિત ૭૬ની હત્યા કરવામાં આવી હતી.

વર્તમાન ખાતાકીય ખાદ્ય આ વર્ષે ઘટે તેવી શક્યતા

નવી દિલ્હી,તા. ૪

આ વર્ષમાં વર્તમાન ખાતાકીય ખાદ્ય ઘટે તેવી શક્યતા દેખાઈ રહી છે. વર્ષ ૨૦૧૨-૧૩ માં સર્વિસ નિકાસ અને બહારથી આવતા નાણાંના પરિણામ સ્વરૂપે ખાતાકીય ખાદ્યમાં ઘટાડો થઈ શકે છે. સૂત્રોનું કહેવું છે કે અખાતના દિવસોમાં મજબૂત અર્થતંત્ર છે. જેના પરિણામ સ્વરૂપે અખાતમાં રહેતા ભારતીઓ તરફથી જંગી પ્રમાણામાં નાણાં આવી શકે છે. નિષ્ણાંતોનું કહેવું છે કે આ નાણાંકિય વર્ષમાં પણ વર્તમાન ખાતાકિય ખાદ્ય દબાણ હેઠળ રહેશે. પરંતુ સુધારો થઈ શકે છે. અર્થશાસ્ત્રીઓનું કહેવું છે કે દેશની વર્તમાન ખાતાકીય ખાદ્ય વર્ષ ૨૦૧૨-૧૩ માં જીડીપીના ત્રણ અને ૩.૬ ટકા વચ્ચે ઘટી શકે છે. વર્ષ ૨૦૧૧-૧૨ ના પ્રથમ ૯ મહિનામાં વેપાર ખાદ્ય વધીને ૧૩૨.૩ અબજ ડોલર સુધી પહોંચી હતી.

મોરિશિયસ સાથે કરવેરા સમજૂતી સમીક્ષા કરવાની સરકારની યોજના

નવી દિલ્હી, તા.૪

મોરિશિયસ સાથે કરવેરા સમજૂતી સમીક્ષા કરવાની સરકારની યોજના હોવાની આજે નાણા રાજ્ય પ્રધાને વાત કરતા મૂડીરોકાણકારોમાં ખળભળાટ મચી ગયો હતો. આની સીધી અસર શેરબજાર ઉપર પણ થઈ હતી. નાણા રાજ્યપ્રધાન અેસ અેસ પાલાનીમાણીકમે કહ્યુ હતુ કે મોરિશિયસ સાથે ટેક્સ સમજૂતીની સમીક્ષા કરવામા આવનાર છે. સરકાર છેલ્લા ઘણા સમયથી આ સમજૂતીના મામલે ફેર સમીક્ષા કરવા વિરોધ પક્ષો તરફથી સતત દબાણ હેઠળ હતી. માણીકમે કહ્યુ હતુ કે મોરિશિયસ અને અન્ય દેશો સાથે પણ નવી ગણતરી કરવામા આવે તેવી શક્યતા છે. ભારતીય અધિકારીઓનુ કહેવુ છે કે આ ટેક્સ સમજૂતીના કારણે મહેસુલ રૂપે દર વર્ષે ૬૦૦ મિલિયન ડોલરનુ નુકસાન થઈ રહ્યુ છે. ઉપરાંત ભારતમાં આ નાણાનો ઉપયોગ આતંકવાદીઓ દ્વારા કરવામાં આવે તેવી દહેશત પણ રહેલી છે. ભારતીય રોકાણકારો મોરિશિયસમાં તેમના નાણા મૂકી દે છે કારણ કે ત્યા ટેક્સની વ્યવસ્થા ખૂબ જ ઓછી છે પાલાનીમાણીકમે કહ્યુ હતુ કે દ્વિપક્ષીય વાતચીતના સાત રાઉન્ડ યોજાઈ ચુક્યા છે સરકાર માને છે કે ટેક્સ કરચોરીના મુદ્દાને હાથ ધરવામાં આવશે. પ્રધાને એમ પણ કહ્યુ હતુ કે એપ્રિલ ૨૦૦૦ અને ફેબ્રુઆરી ૨૦૧૨ વચ્ચે દેશમાં કુલ સીધા મૂડીરોકાણ પ્રવાહ પૈકી ૩૯.૫ ટકા મૂડી મોરિશિયસ મારફત પહોંચે છે જો કે આ મામલે મંત્રણાના નવા રાઉન્ડ અંગે કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી.

સોનાની કિંમતમાં ૨૫નો વધારો તેજી અકબંધ છે

નવી દિલ્હી, તા.૪

બુલિયન બજારમાં હાલ ભારે ઉતાર ચઢાવની સ્થિતિ જોવા મળી રહી છે. એક બાજુ આજે સોનાના ભાવ અમદાવાદ બુલિયન બજારમાં ૨૯૬૦૦થી ૨૯૭૦૦ બોલાયા હતા જેથી સોનાના ભાવમાં ૨૫ રૂપિયનો નજીવો વધારો થયો હતો. આજે કારોબારના અંતે સોનાનો ભાવ પ્રતિ દસ ગ્રામ ૨૯૬૦૦થી ૨૯૭૦૦ રહ્યો હતો. જે ગઈકાલે ૨૯૫૭૫થી ૨૯૬૭૫ વચ્ચે રહ્યો હતો. આવી જ રીતે ચાંદીના ભાવમાં ડડાકો બોલી ગયો હતો. તેમાં ૫૦૦ રૂપિયાનો ઘટાડો થયો હતો. ચાંદીનો ભાવ ગઈકાલે પ્રતિકિલો ૫૫૩૦૦થી ૫૫૮૦૦ રહ્યો હતો જે આજે ૫૫૮૦૦થી ૫૫૩૦૦ની આસપાસ રહ્યો હતો.

આગામી દિવસોમાં મોબાઈલ ટેરિફ બે ગણા થવાની શક્યતા

નવી દિલ્હી,તા.૪

દેશના ટોંચના ટેલિકોમ ઓપરેટરોએ ચેતવણી આપી છે કે આગામી દિવસોમાં મોબાઈલ ટેરિફ બેંગણા હોઈ શકે છે. ભારતીય એરટેલ, વોડાફોન અને આઈડીયા જેવા દેશના મહાકાય ટેલિકોમ ઓપરેટરોએ સંકેત આપ્યો છે કે સ્પેક્ટ્રમ હરાજી અને ફાળવણી અંગે ટેલિકોમ રેગ્યુલેટર ટ્રાઈની ભલામણને સ્વીકારી લેવામાં આવશે તો મેટ્રો અને મોટા શહેરોમાં મોબાઈલ ટેરિફ બે ઘણા થઈ જશે. ટેલિકોમ ઓપરેટરોએ ટ્રાઈની ભલામણ સામે જોરદાર વાંધો ઉઠાવ્યો છે. જીએસએમ ટેકનોલોજીનો ઉપયોગ કરનાર અને ડ્યુઅલ ટેકનોલોજી પ્લેયર્સ વચ્ચે નવેસરથી મતભેદો સપાટી ઉપર આવી ગયા છે. ભારતીય એરટેલના સીઈઓ સંજય કપૂરે માહિતી આપતા જણાવ્યું છે કે ઘણી ગણતરી અને વાસ્તવિકતાના આધાર ઉપર જાણવા મળ્યુ છે કે ફેરાફારની ખૂબ જ માઠી અસર થશે પ્રવર્તમાન મોબાઈલ રેટમાં વધારો થઈ શકે છે. સેલ્યુલર ઓપરેટર્સ એસોસીએશન ઓફ ઈન્ડિયાનું નેતૃત્વ કરી રહેલા ભારતીય એરટેલના સીઈઓએ કહ્યું હતું કે ટ્રાઈની ભલામણ તરફ ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. ટ્રાઈની ભલામણના વર્તમાન સ્વરૂપમાં ફેરફાર પણ જરૂરી છે. જીએસએમ લોબી ગ્રુપે કહ્યું છે કે નાના અને ઓછા નફા વાળા સર્કલમાં ૧૫થી ૨૦ ટકાનો વધારો થશે. બીજી બાજુ ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ કહ્યું છે કે ટેરિફમાં વધારે ખૂબ જ હશે. સેલ્યુલર ઓપરેટર્સ એસોસીએશન ઓફ ઈન્ડિયાએ એવું સુચન પણ કર્યુ છે કે છેલ્લા કેટલાક મહિનાઓથી ટ્રાઈ પોતાનું વલણ બદલી કાઢ્યુ છે.

સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા આદેશ કરતા તેનું વલણ અલગ છે. સુપ્રિમ કોર્ટે વર્ષ ૨૦૦૮માં તત્કાલિન ટેલિકોમ પ્રધાન એ રાજા દ્વારા જારી કરવામાં આવેલા ૧૨૨ ટુજી લાયસન્સ રદ કરવાનો આદેશ કર્યો હતો. મે ૨૦૧૦માં રેગ્યુલેટરે બેઝિક મિનિમમ બિડિંગ પ્રાઈઝ તરીકે થ્રીજી કિમત સાથે ટુજીની કિમતો નક્કી કરી હતી. મે ૨૦૧૦માં પણ કેટલીક જાહેરાતો થઈ હતી. સીઓએઆઈ દ્વારા અન્ય કેટલીક ફરિયાદો પણ કરવામાં આવી છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે જો સ્પેક્ટ્રમની દરખાસ્ત આગળ વધશે તો ઓપરેટરોને નુકશાન વધારે થશે. તમામ ટેલિકોમ ઓપરેટરોએ ટ્રાઈની ભલામણોનો વિરોધ કર્યો છે. આ સંબંધમાં પ્રધાન સાથે મિટિંગ પણ થઈ ચુકી છે.

ઘઉં, ચોખા, કપાસ ઉત્પાદનમાં છેલ્લા ૬૦ વર્ષનો રેકોર્ડ તૂટ્યો

નવી દિલ્હી, તા.૪

વર્ષ ૨૦૧૨ માં ઘઉ, ચોખા અને કપાસના ઉત્પાદનમાં છેલ્લા ૬૦ વર્ષના જુના રેકોર્ડ તુટી ગયા છે. કૃષિ પ્રધાન શરદ પવારે આજે આ અંગેની માહિતી આપતા કહ્યુ હતુ કે વર્ષ ૨૦૧૨ માં ભારતમા રેકોર્ડ ૨૫૨ મિલિયન ટન અનાજનુ ઉત્પાદન થયુ છે આ ઉત્પાદનના મામલામાં હજુ સુધીની સૌથી ઉંચી સપાટી છે. રાજયસભામાં પ્રશ્ન કલાક દરમિયાન આ અંગેની માહિતી આપતા શરદ પવારે કહ્યુ હતુ કે વર્ષમાં ૨૫૨.૫૬ મિલિયન ટન અનાજ ઉત્પાદન થયુ છે વર્ષ ૨૦૧૧માં અનાજનુ ઉત્પાદન ૨૩૫.૮૮ મિલિયન ટન હતુ. પવારે કહ્યુ હતુ કે ઘઉના નવા રેકોર્ડ સર્જાયા છે. પવારે દાવો કર્યો હતો કે ગયા વર્ષે ૮૪.૨૭ મિલિયન ટનની સામે ઘઉ ઉત્પાદન ૯૦.૨૩ મિલિયન ટન રહેશે. આવી જ રીતે ચોખાનુ ઉત્પાદન વર્ષ ૨૦૧૧માં ૯૪.૧૧ મિલિયન ટનની સામે ૧૦૩.૪૧ મિલિયન ટન રહેવનો અંદાજ છે જ્યારે કપાસ ઉત્પાદન ૩૫.૨ મિલિયન બેલ્સ (દરેકમાં ૧૭૦ કિલો) રહેવાનો અંદાજ છે ગયા વર્ષે ૩૩.૯ મિલિયન બેલ્સનુ ઉત્પાદન થયુ હતુ પવારે કહ્યુ હતુ કે મુકેશ અંબાણી, જે ગોદરેજ અને એમએસ મફા જેવા ઉદ્યોગપતીઓની બનેલી એક સમિતિએ કૃષિ પ્રાપ્તિને ઉદાર બનાવા સહિત ૧૫ ભલામણો કરી હતી. કૃષિ સપ્લાયમાં ખાનગી મૂડીરોકાણ માટેના ધારાધોરણોને અસરકારક બનાવાની વાત થઈ હતી. લઘુત્તમ સમર્થન મૂલ્યના ધારાધોરણો પર ફેરવિચારણાની વાત પણ કરાઈ હતી.

ઈટાલીમાં ૧૩૦,૦૦૦ લોકો જોબ ગુમાવી દેશે

રોમ,તા. ૪

ઈટાલીમાં આ વર્ષે ૧૩૦૦૦૦ લોકો રોજગારી ગુમાવે તેવી શક્યતા છે. ઈટાલીમાં હાલ મંદીનું મોજુ ફરી વળ્યું છે. બેરોજગારીને લઈને ઈટાલીના લોકો પણ પરેશાન થઈ રહ્યા છે. એક મહાકાય ઈટાલિયન બિઝનેસ ગ્રુપે આ અંગે માહિતી આપતા જણાવ્યું છે કે મોટી સંખ્યામાં લોકો આ વર્ષે રોજગારી ગુમાવશે. કટોકટીની માઠી અસર જોવા મળશે. અબરૂઝુ, મોલીશ, બેસીલીકાટામાં સૌથી વધુ અસર જોવા મળશે. નાની કંપનીઓમાં ૬૨૦૦૦ લોકો રોજગારી ગુમાવશે. આવી જ રીતે ઘણી કંપનીઓ તેમના કર્મચારીઓની સંખ્યામાં ઘટાડો કરવાની યોજના ધરાવે છે. ૫૦થી વધુ કંપનીઓ કર્મચારીઓની સંખ્યા ઘટાડવાની યોજના ધરાવે છે. બિઝનેસ ગ્રુપના જણાવ્યાં મુજબ સર્વિસ અને કંસ્ટ્રક્શન ક્ષેત્રમાં સૌથી માઠી અસર થશે. પરિવાર ખર્ચ અને બચતમાં ક્રમશઃ ૨.૧ ટકા અને ૩.૮ ટકાનો ઘટાડો થશે. બિઝનેસ લોબી દ્વારા જણાવવામાં આવ્યું છે કે ૨૦૧૩માં ઈટાલીમાં વિકાસ ફરી શરૂ થશે. પરંતુ હાલના સમયમાં ઈટાલીના લોકો મુશ્કેલ તબક્કામાંથી બહાર નિકળશે નહીં.

SANGHI CEMENT
KisaN
BENELAVE
H.FIXIT
TMT BARS - ISI
TATA
STEEL • PIPES • SHEETS
SANGHI STEEL - ISI
ashirvad
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

અલ્ટ્રાટેક સીમેન્ટ, TMT સ્ટીલ સ્પે. કપચી-ગ્રીટ, ડેકોરેટીવ નળીયા, સેનેટરી, પાઈપ ફીટીંગ, ઈંટોના જથ્થાબંધ તેમજ છૂટક સપ્લાયર્સ
દેશ કી શાન
કામધેનુ
TMT સ્ટીલ
FE 415 / 500 - ઈન્ટરનેશનલ ક્વોલીટી
અલ્ટ્રાટેક
સિમેન્ટ
સ્ટોકિસ્ટ
Build the trust
Since 1983
કૈલાસ ટ્રેડર્સ
Steel Tiger
(લોદરા વાલા)
૯૩૩/૨, સેક્ટર : ૩/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૭૩૮૯ / ૬૫૭૨૩૮૧ મો. ૯૮૨૫૯ ૪૭૮૭૮ / ૯૮૯૮૭ ૬૧૮૪૫ / ૯૯૯૮૪ ૭૩૨૦૦